।। નિકુંજ નાયક શ્રીનાથજી ।।
।। જગદ્ વંદિની શ્રી યમુનાજી ।।
।। જગદ્‌ગુરૂ મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્ય ।।

હેમાક્ષીબેન
૨૧૧

અગ્નિ સ્વરૂપ

ભાગ ૩

શ્રીજી શ્રૃંગાર - ૧૦૮ સચિત્ર
શ્રી યમુનાજી રસ દર્શન - ૧૦૮ સચિત્ર
શ્રી યમુનાજીના લોટીજી ૧૦૮ સચિત્ર

સાદર સમર્પિત

ગોલોકવાસી અમારા પૂજનીય માતુશ્રી
અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાને આ
અગ્નિ સ્વરૂપ પુસ્તક અમો સાદર સમર્પણ કરીએ છીએ.

અ. સૌ. મધુ પ્રવિણકુમાર કુરાણી, અ. સૌ. વિણાબેન કાન્તીલાલ ધ્રુવ
અ. સૌ. મીના હર્ષદરાય કુરાણી, અ. સૌ. મધુબેન અશોકકુમાર ધીયા
અ. સૌ. પારૂલ રાજકુમાર કુરાણી, અ. સૌ. છાયાબેન ભારતેન્દુ પારેખ
અ. સૌ. મોના કિરણકુમાર ધ્રુવ, અ. સૌ. તૃપ્તિબેન યોગેશકુમાર ગાદોયા
કુ. રચના ધીયા, કુ. ઈશાની પારેખ,
કુ. રાધિકા ધ્રુવ, કુ. દેવીકા કુરાણી ના જયશ્રીકૃષ્ણ

- ન્યૌછાવર -

મેરા મુજમેં કુછ નહી. જો કુછ હે સબ તૌર
તેરા તુજકો સોપતે કયા જાવેગા મૌર.

વંદન (મંગળાચરણ)

વંદન કરીએ શ્રીનાથજી તમને,
ઘ્યાન સદા અમે ઘરીએ તમ ચરણે (૧)
પ્રથમ વંદન શ્રી વલ્લભ ગુરૂજીને કરીએ,
શરણે લીઘા સૌ દૈવી જીવને (૨)
બીજુ વંદન શ્રી વિઠ્ઠલનાથજીને કરીએ,
હાથ ગ્રહી સેવ્યો ગોવર્ધન ઘરને (૩)
ત્રીજુ વંદન શ્રી ગોકુલનાથજીને કરીએ,
માળા તિલક ઘર્મ રાખ્યો પુષ્ટી કારણે (૪)
ચોથું વંદન શ્રી હરિરાયજીને કરીએ,
દીન તાના દાન દીઘા વૈષ્ણવ જનને (૫)
પાંચમુ વંદન શ્રી યમુનાજીને કરીએ,
પયપાન કરીને પાવન થઇએ (૬)
છઠ્ઠું વંદન શ્રી વૃજભૂમિને કરીએ,
વ્રજ રજમાં લોટી દેહ ઘન્ય બનાવીએ (૭)
સાતમું વંદન શ્રી સાતે લાલજીને કરીએ,
સેવા સ્મરણ કરી શરણમાં રહીએ (૮)
દાસ ગોપીજન કહે વંદનને સ્વીકારજો
વંદન કરો સૌને પણ મન પ્રભુમાં રાખજો

અમૃતલાલ રૂગનાથ કુરાણી (ગોપીજન) ના
શ્રી ચરણોમાં સદૈન્ય દંડવત પ્રણામ



મંગળા

સમય ૫ થી ૭।।, શંખનાદથી મંગળા દર્શનનો પ્રારંભ થાય, બ્રમ્હમુર્હતમાં ત્રિભોવનનાથને હરખથી, હેતથી ઉઠાડવામાં આવે છે. દર્શનાતુર ભાવિકોને શ્રદ્ધા છે કે મંગળાના દર્શનથી અમંગળ નો નાથ થાય.



‘ભલે પ્રગટયા શ્રી વલ્લભદેવ’

।। શ્રી હરિઃ ।।
।। શ્રી દ્વારકેશો જયતિ ।।

श्री हरिः

Goswami Vagishkumarji
(Kankroli)

શ્રી અમૃતભાઈ,

આપના તરફથી પ્રકાશીત થતી સચિત્ર પુસ્તીકાઓનું જે આકર્ષણ વૈષ્ણવ સમુદાયમાં આવ્યું છે, તે ખરેખર આનંદની વાત છે. આજે વૈષ્ણવ ભુલતો જાય છે કે મારૂં કર્તવ્યં શું છે અને એ કર્તવ્ય બતાવવા માટે આપનો જે ભગીરથ પ્રયત્ન છે તે પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે. આજનો વૈષ્ણવ જયારે ઘર્માભિમુખ થતો જાય છે ત્યારે સચિત્ર સાહિત્ય એ પ્રારંભિક રૂપમાં ખુબ જ આવશ્યક છે અને એની પુર્તિના ભાગીદાર આપ બની શકયા છો તે ખરેખર આનંદની વાત છે.

પુષ્ટિ સંપ્રદાય સર્વોત્તમ સંપ્રદાય છે તેના માટે આ મનુષ્ય શરીરથી જે પણ કાંઇ શકય બને તે દરેક વૈષ્ણગવોએ અવશ્ય કરવું જેઇએ તોજ આજે જે સમય દેખાઇ રહયો છે તેમાં આપણે આપણા બાળકોને બતાવી શકીંશુ કે આ સંપ્રદાય કેટલો સર્વોત્તમ છે.

ભવદીય
શ્રી વાગીશ કુમાર
(કાંકરોલી)

પરમપુજ્ય ૧૦૮ શ્રી નિકુંજલતા બેટીજી મહોદયા
મુંબઈની આજ્ઞાથી

પરમપુજ્ય ૧૦૮ શ્રી ઇંન્દીરાબેટીજી મહોદયાની
(વડોદરા) આજ્ઞાથી



નિકુંજ નાયક શ્રીનાથજી - શ્રી સ્વામીજીની નિકુંજમાં (શ્રીજી) આપશ્રી નિકુંજ નાયક છે. એટલે પુષ્ટિ સંપ્રદાયમાં નંદાલય તેમજ નિકુંજ ની ભાવનાથી શ્રીજીની સેવા થાય છે.

પરમ પુજ્ય ૧૦૮ શ્રી અ. સૌ. કાલિંદી બેટીજી
મહોદયા (અમદાવાદ) ની આજ્ઞાથી

મારા ઘરમાં બિરાજતા શ્રીનાથજી શ્રીયમુનાજી શ્રી મહાપ્રભુજી
મે તો ચીતડૂં શ્રીનાથજીને ચરણે ધર્યું જીવન સફળ કર્યું



ગો.વા.અ.સૌ. તારાબાના સેવ્ય સ્વરૂપ શ્રી યમુનાજી



: નમામિ યમુના મહં :
શ્રી મહાપ્રભુજી - શ્રી યમુનાજી પ્રત્યક્ષ દર્શન
સવંત ૧૫૪૯ ને શ્રાવણ સુદ ત્રીજ ઠકુરાણીઘાટ ગોકુલ.



નમામિ યમુનામહં, સકલ સિદ્ધિ હેતું મુદા
મુરારિપદ પંકજ - સ્ફુરદમન્દરેણૂત્કટામ્ ।
તટસ્થ નવકાનન - પ્રકટ મોદ પુશ્પામ્બુના
સુરાસુર સુપૂજીત - સ્મરપિતુઃ શ્રિયંબિભ્રતીમ્ ।૧।



કલિન્દગિરિમસ્તકે, પતદમન્દપૂરોજજવલા
વિલાસગમનોલ્લસત્ - પ્રકટગણ્ડશૈલોન્નતા ।
સધોષ ગતિદન્તુરા, સમધિ રૂઢ દોલોત્તમા
મુકુન્દરતિવર્ધિની, જયતિ, પદ્મબન્ધોઃ સુતા ।૨।



ભુવં ભુવન પાવની-મધિગતા મને ક સ્વનૈઃ
પ્રિયા ભિરિવ સેવિતાં, શુક મયૂર હંસાદિભિઃ ।
તરંગ ભુજ કંકણ-પ્રકટ મુક્તિકા વાલુકા
નિતમ્બતટ સુન્દરીં, નમત કૃષ્ણ તુર્ય પ્રિયામ્ ।૩।



અનન્ત ગુણ ભૂષિતે, શિવ વિરંચિદે વસ્તુ તે
ઘનાઘનનિભે સદા, ધ્રુવ પરાશરા ભૂષ્ટદે ।
વિશુદ્ધ મથુરા તટે, સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે, મમ મનઃ સુખં ભાવય ।૪।



યયા ચરણ પદ્મજા, મુરરિપોઃ, પ્રિયં ભાવુકા
સમાગમનતો ભવત્, સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદશતા મિયાત્, કમલજા સપત્નીવયત્
હરિ પ્રિય કલિન્દયા, મનસિ મે સદા સ્થીયતામ્ ।૫।



નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃપાનતઃ ।
યમોપિભગિની સુતાન્, કથ મુહન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવહરેર્યથા ગોપિકાઃ ।૯।



મમાસ્તુ તવ સિન્નધૌ, તનુનવત્વ મેતવતા
ન દુર્લભતમા રતિ-ર્મુરરિપૌ મુકુન્દ પ્રિયે ।
અતોસ્તુ તવ લાલના, સુરધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિ સ્થિતૈઃ ।૭।



સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા સપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।
ઇયં તવ કથાધિકા, સકલગોપિકા સંગમ-
સ્મરશ્રમજલાણુભિઃ, સકલગાત્રજૈઃ સંગમઃ ।૮।


સમસ્તદુરિતક્ષયો ભવતિ
મુકુન્દે ભવતિ
તયા સિદ્ધય:
મુરરિ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્

તવાષ્ટકમિદં મુદા, પઠકિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો, ભવતિ વૈ મુકુન્દે રતિ:
તયા સકલસિદ્ધિયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।
સ્વભાવ વિજયોભવેત્, વદતિ વલ્લભ: શ્રીહરે: ।૯।



આસો વદ ૩૦ દિપાવલી

સફેદ જરીનો ચાકગાર વાઘો, [redacted] પીતાંબર, સૂથન, પટકા લાલ, ચંદ્રિકા (જોડ), ઠાંડુ વસ્ત્ર અમરસી રંગનું, આભૂષણ ઉત્સવના ચોટી, કુંડળ કસ્તુરી માળા, શૃંગાર દોહરો.

ગો. વા. પ. ભ. કપુરચંદ વાલજી કુરાણી ના જયશ્રીકૃષ્ણ



શ્રી યમુનાયૈ નમઃ ।।

શ્રી યમુના મહારાણીજીને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૧ - ગોવર્ધન પૂજા

ચાકદાર વાઘો, કુલ્હે સફેદ જરીના, સૂથન, પટકા, ઠાડું વસ્ત્ર લાલ, મખમલનાં લાલ ગોકર્ણ ઉર્ધ્વ પીતાંબર, (જડાવ) કસ્તૂરી માળા, ચોટી, આભુખણ ઉત્સવના, શૃંગાર દોહરો.

ગો. વા. પ. ભ. પુરીબેન કપુરચંદ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ



અષ્ટવિધૈશ્વર્યદાયિકાયૈ નમઃ ।।

ભગવત્સેવામાં ઉપયોગી અષ્ટ પ્રકારના ઐશ્વર્ય
(અલૌકિક સામર્થ્ય) ને આપનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૧ - અન્નકુટ ઉત્સવ

ચાકદાર વાઘો, જરીના, લાલ મખમલનાં ગોકર્ણ, મયુરાકૃત કુંડળ, જડાઉ
મોજાજી, હીરા માણેકના આભુષણ ઠાડા વસ્ત્ર અમરસી રંગના, જડાઉ ઘેરો
ગો. વા. પ. ભ. કેસવલાલ કપુરચંદ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



સુરાસુરસુપૂજીતાયૈ નમઃ ॥
સાત્વિક-રાજસ-તામસ ભાવવાળા ભક્તો વડે સારી
રીતે પૂજાયેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અન્નકુટ લૂટવો

નાથદ્વારમાં અન્નકુટની રાત્રે લગભગ (૧૦ વાગે) હોલના દરવાજા ખોલી નાખવામાં આવે છે. ભીલો અને મીણા અન્નકુટ લૂટે છે જે સવાર સુધી ચાલે છે.

ગો. વા. પ. ભ. કુંવરબેન કેસવલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



મુકુન્દરતિવર્દ્ધિન્યૈ નમઃ ।।
(મોક્ષ આપનાર) મુકુંદ ભગવાનમાં પ્રીતિ વધારનારાંને
નમન હો ।
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૨ - ભાઈબીજ ઉત્સવ

ઘેરદાર વાઘો, સૂથન લાલ સોનેરી બુટીના, પટુકા કેસરી, ગોલ પાત્ર, ચંદ્રિકા, આભુષણ, લમ, કતરો પન્નાના, શ્રી યમુના જળની ઝારીજી ભરવાં શ્રૃંગાર મધ્યનાં

ગો. વા. પ. ભ. ફગનાથ કપુરચંદ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ





પદ્મબન્ધુસુતાયૈ નમઃ ॥
કમલના સખા એવા સૂર્યની પુત્રીને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૮ - ગોપાષ્ટમી

મુકુટ કાછની શ્રૃંગાર, મુકુટ ઉપર નાના ગોકર્ણ, ચોલી મેઘશ્યામ, પીતાંબર
લાલ, આજે સોનાના ઠાડા વેત્ર ઘરવા વનમાલાનો શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. વલ્લભદાસ કપુરચંદ કુરાણી ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણતુર્યપ્રિયાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણનાં ચતુર્થ સ્વામિનીજીને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ગોપાષ્ટમી

મુકુટ કાછનીનો શ્રૃંગાર, કસુમલ ઉપરણો, ચોટી, કમળડાંડી, આભરણ હીરામોતીના, સીરપેચ, લૂમ, શીશફૂલ, મયુરાકૃત કુંડળ, સફેદ ઠાડું વસ્ત્ર.

ગો. વા. પ. ભ. પ્રભાબેન વલ્લભદાસ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



અનંતગુણભૂષિતાયૈ નમઃ ॥

અનેકગુણોથી અથવા અનંત ભગવાનના ગુણોથી
યુક્તને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૧૧ - દેવદિવાળી

લાલ સોનેરી જરીના ચાકદાર વાઘો મોજાજી, ઉત્સવના કમલપત્ર, કુલ્હે પર
હીરાનો પાન ને હીરાના શૃંગાર. ઠાડા વસ્ત્ર મેઘશ્યામ
ગો. વા. પ. ભ. બાબુલાલ રૂગનાથ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ





શિવાવિરંચિદેવસ્તુતાયૈ નમઃ ।।
મહાદેવજી બ્રહ્માજી આદિ દેવતાઓ વડે સ્તુતિ
કરાયેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક સુદ ૧૨ - ગિરધરજીનો ઉત્સવ - રઘુનાથજીનો ઉત્સવ
લાલ જરીનો ઘેરદાર વાઘો, શ્રી મસ્તક પર સેહરાને બે બાજુ મોતીના કતર,
મોજાજી, ચોટી, મોજાજી, વનમાલાના શૃંગાર
ગં. સ્વ. પ. ભ. વ્રજકુંવર બાબુલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



ઘનાઘનનિભાયૈ નમઃ ॥
મેઘમંડલ જેવાં શ્યામ સૌંદર્ય યુક્તને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક વદ - ૧

ઘેરદાર વાઘો, સૂથન લાલ સોનેરી વેલ બુટાવાળો, લાલ પાઘ, ચંદ્રિકા, સિરપેચ, કલગી, મોતીની લૂમ, ચાર કર્ણફૂલ, શ્રૃંગાર મધ્યના.

પ. ભ. અમૃતલાલ રૂગનાથ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ



ધ્રુવપરાશરાભીષ્ટદાયૈ નમઃ ॥
ધ્રુવજી પરાશરાદિકો ને ઈચ્છિતફળ આપનારાંને નમન છે.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



કારતક વદ - ૨

કિનારીવાલો લીલો, ચાકદાર વાઘો, સૂથન, ગોલ પાઘ, નાગફણીનો કતરો, કલગી, સિરપેચ, ઠાડા વસ્ત્ર સુનેરી વેલબુટીવાળા, લાલ મોજાજી.

ગો. વા. પ. ભ. તારાબેન અમૃતલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



કૃપાજલધિસંશ્રિતાયૈ નમઃ ॥
અપાર કરુણાસાગર શ્રીપ્રભુની સાથે સારી રીતે
મળેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



દુહેરા મનોરથ (જન્મદિન ઉત્સવ)

એકથી વધારે ગોસ્વામી (બાલકો) શ્રૃંગાર કરે ત્યારે બે જાતના શ્રૃંગાર, પાઘ ઉપર કુલ્હે ટિપારો, લાલ ચાકદાર વાઘા, પટ પુરા કદની વનમાળા, અલંકાર.

માજાળ: પ. ભ. ઈન્દુલાલ રગનાથ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



સકલગોપગોપીવૃત્તાયૈ નમઃ ॥

સમસ્ત ગોપગોપીજન વ્રજવાસીઓથી યુક્ત (સાથે
વિંટળાયેલાં) ને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



માગશર સુદ ૭ - શ્રી ગોકુલનાથજીનો

ચાકદાર વાઘો, પીળા કીનાકિન ખાબનો શ્રી મસ્તક પર જડાઉ કુલ્હે, ચંદ્રીકા
પાંચ જોડની, મોજાજી, હીરા માણેક પન્નાના શ્રૃંગાર

પ. ભ. અ. સૌ. વિમલાબેન ઈન્દ્રલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



હરિપ્રિયાયૈ નમઃ ।।
ભગવાન હરિનાં પ્રિયને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



માગશર સુદ ૧૧ - મોક્ષદા એકાદશી
સોનેરી કિનારનો ગુલાબી ઘેરદાર વાઘો, કેસરી પટુકા, ગોલ પાઘ જરીની,
ચંદ્રિકા, સિરપેચ, કલગી, શીશફૂલ, શ્રૃંગાર મધ્યના, ઠાડા વસ્ત્ર લાલ
ગો. વા. પ. ભ. રસીકલાલ ફગનાથ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ



માગશર સુદ ૧૫ - (ગોપમાસની સમાપ્તિ) શ્રી નાથજીમાં છપ્પનભોગ

વાઘો ચાકદાર જરીનો, મખમલના જરીની કિનારના ગોકર્ણ, ચમકની જોડ, ઉર્ધ્વ લાલ પીતાંબર, જડાઉ મોજાજી, હીરામાણેકના આભુષણ ભારે, ઠાંડુ વસ્ત્ર મેઘશ્યામ

ગં. સ્વ. પ. ભ. સુધા રસીકલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



અત્યદ્ભુતચરિત્રાયૈ નમઃ ॥
અત્યંત-અદ્ભુત ચરિત્રવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



માગશર વદ ૯ - શ્રી ગુસાંઈજીનો ઉત્સવ

દાબરે જન્માષ્ટમીનો સાજ, છમેલ, બદ્દી ધરવા, ચાકદાર વાઘો, સૂથન, કુલહે કેસરી સાટીનના, શ્રૃંગાર ભારે, કસ્તુરની માળા, જલેબી અને સુહાગ સૂંઠ ધરવા.

પ. ભ. રમેશચંદ રૂગનાથ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



પયઃપાન દૂરીકૃતયમયાતનાયૈ નમઃ ॥
કેવલ યમુનાજલનું પાન કરવાથી જ યમયાતના
(નરકનાં દુઃખ) દૂર કરનારને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



માગશર વદ ૧૦

પીળા સાટીનના ચાકદાર વાઘો, સૂથન, કુલ્હે, ચંદ્રિકાની જોડ, અલકાવલી,
ક્ષુદ્ર ઘંટિકા, ચંદ્રહાર, પાન, હીરા મોતીના શ્રૃંગાર મેઘશ્યામ ઠાડા વસ્ત્ર

પ. ભ. અ. સૌ. અરવિન્દા રમેશચંદ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



તનુનવત્વકારિણ્યૈ નમઃ ॥
ભગવલ્લીલોપયોગી નૂતન દેહ કરનારાં ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જય.શ્રીકૃષ્ણ



મુકુંદપ્રિયાયૈ નમઃ ॥

મુકુંદ ભગવાનનાં પ્યારાને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શીતકાલ - ફતવીના શ્રૃંગાર

વેલબુટીવાળા ઘેરદાર વાઘા, ફતવી જરીના/છીંટના, છજ્જેદાર પાઘ,
ચંદ્રિકા, કલગા, હલ્કો શ્રૃંગાર મધ્યનો, શીશફૂલ પીળા મોજાજી.

પ. ભ. અ. સૌ. મધુબેન પ્રવિણચંદ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



કમલજાસપત્ન્યૈ નમઃ ॥
લક્ષ્મીજીનાં સપત્નીને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



પોષ સુદ ૧ - શ્યામ ઘટા

ઘેરદાર વાઘા, પાઘ, પીછવાઈ, ગાદીજી, મોજાજી શ્યામ રંગના, શ્રી મસ્તક
પર તુર્રા. આભુષણ નીલમણિ અને મોતીના ને તુલસીની માળા
પ. ભ. હર્ષદરાય અમૃતલાલ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ





પ્રિયાયૈ નમઃ ॥
ભગવદ્ પ્રિયાને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



પોષ સુદર ચંદ્રમાનો શ્રૃંગાર
વાઘો, સૂથન, ચીરા (પાઘ) મોજા, સફેદ જરીના, શ્યામ રેશમી ઠાડા વસ્ત્ર,
રેશમી ગદૃલ, પરચીન (સફેદ), આભૂષણ, સોનેરી કામનો ચંદ્રમા
પ. ભ. અ. સૌ. મીનાબેન હર્ષદરાય કુરાણી ના જયશ્રીકૃષ્ણ



સુરસુતાયૈ નમઃ ॥
સૂર્યપુત્રીને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



પોષ સુદ ૬ - ફતવીના શ્રૃંગાર

શીતકાલમાં સોનેરી બુટીવાળા લાલ ઘેરદાર વાઘા ઉપર પીળી ફતવી વેલવાળી,
પીળી મોજાજી, મધ્યના શ્રૃંગાર, ચંદ્રિકા છજ્જેદાર પાઘ, ઠાડા વસ્ત્ર સફેદ

પ. ભ. રાજકુમાર પ્રવિણચંદ્ર કુરાણી ના જયશ્રીકૃષ્ણ





સકલસિદ્ધિદાત્ર્યૈ નમઃ ।।

સકલ સિદ્ધિઓને આપનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ઉતરાયણકા શ્રૃંગાર મકર સંક્રાતિ - ભોગીનો ઉત્સવ
ઉત્તરાયણનો આગલો દિવસ ભોગી ઉત્સવ, લાલ છીંટનો/જરીનો વાઘો, પાઘ,
સિરપેચ, મધ્યનો શ્રૃંગાર, (ઠાડા વસ્ત્ર લીલા) કલગા, લીલા, પટુકા કમળ ડાંડી.
પ. ભ. અ. સૌ. પારૂલ રાજકુમાર કુરાણી ના જયશ્રીકૃષ્ણ



સ્વભાવવિજયકારિકાયૈ નમઃ ॥
સ્વભાવને બદલનારાં (દુષ્ટ સ્વભાવને પણ ઉત્તમ
કરનારાં) ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મકર સંક્રાતિ

ઘેરદાર વાઘો, પિછવાઇ, પાઘ, સૂથન, નવા લાલ છીંટનો, ચંદ્રિકા, સિરપેચ,
પાન, તિલવા, ખીચડો ધરાવવો.

પ. ભ. અમર હર્ષદરાય કુરાણી ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણાયૈ નમઃ ।।
'કૃષ્ણા' એ નામવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



પોખ વદ ૪ - શ્રી સ્વામીનીજીનો ઉત્સવ (વિવાહ મનોરથ)
લાલ ચાકદાર જરીનો વાઘો, ધોતી, કેસરી પટકા, કિનારવાળા, શ્રીમસ્તક પર
લાલ પાઘ પર સેહરો બંન્ને બાજુ મોતીના કતરા, શ્રૃંગાર ભારે.
પ. ભ. ચેતન હર્ષદરાય કુરાણી ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણાસમાયૈ નમઃ ॥
શ્રી કૃષ્ણના જેવાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહાસુદ ૩

કિનારીવાળો ઘેરદાર વાઘો, અને ગોલ પાઘ પચરંગી, જડાવ મોરશિખા, સિરપેચ, કર્ણફૂલ ચાર, વનમાલાનો શ્રૃંગાર, મોજાજી ઠાડા વસ્ત્ર લાલ.

ગો. વા. પ. ભ. મોહનજી હીરાચંદ પારેખ ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણરૂપાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના જેવા સ્વરૂપવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીંકૃષ્ણ



મહા સુદ ૪ - શ્રૃંગાર દામોદર દાસજી હરસાની ઉત્સવ

સફેદ જરીનો ચાકદાર વાઘો, કિનારવાળો, ક્રીટ મુગટ, ઠાડા વસ્ત્ર શ્યામ,
વનમાલાના શ્રૃંગાર, જડાવ મોજાજી.

ગો. વા. પ. ભ. હેમકુવર મોહનજી પારેખ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણરસાત્મિકાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના રસાત્મક રૂપને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહા સુદ ૫ - વસંત પંચમી

જગન્નાથી ઘેરદાર વાઘો ને ખીડકી પાઘ સફેદ, છીંટનો ફરગુલ, કતરા, ચંદ્રિકા શિરપેચમાં આંબોનો મોર, વસંતના દિવસોમાં ફૂલની છડી ને ગેંદ ધરવા. 'ચિબુક' ધરવો નહી.

ગો. વા. પ. ભ. કાન્તીલાલ મોહનજી પારેખના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણલીલામૃતજલાયૈ નમઃ ।।
શ્રીકૃષ્ણજલક્રિડા માટે અમૃતજલ વાળાં ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહા સુદ ૧૫ - હોરીડાંડાનો ઉત્સવ
સફેદ સુતરાઉ ઘેરદાર વાઘા, પાઘ ખીડકીની, કતરા, ચંદ્રિકા, સોનાની કલગી,
આજથી સોનાના આભુષણ નિત્ય, અબીલ ગુલાલની પોટલી, ને પીચકારી
પ. ભ. ગ. સ્વ. જયાબેન કાન્તીલાલ પારેખ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણસમ્બન્ધકારિણ્યૈ નમઃ ॥
શ્રીકૃષ્ણનો સંબંધ ધરાવનારાને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહા વદ ૭ - શ્રીનાથજીનો પાટોત્સવ

રૂપેરી કિનારનો ઘેરદાર વાઘો, પાટુકા, પાઘ કેસરી, લૂમની કલગી, ચંદ્રિકાનો કતરો, લૂમ, અભ્યંગ પછી ચોલી, શ્રૃંગાર ઉત્સવનો હલ્કો, ૧૦૮ દિવસ પછી ચરણાવિંદના દર્શન ફૂલની છડી.

ગો. વા. પ. ભ. રૂકમણીબેન નરોત્તમદાસ ધ્રુવ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણપ્રિયાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણમાં પ્રિયા (સ્વામિનીજી) ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહા વદ ૮

રૂપેરી જરીની કિનારવાળા પટકા કેસરી ઘેરદાર વાઘા, મોર ચંદ્રિકાનો કતરે, શ્રૃંગાર મધ્યનો, સિરપેચ, ઘુંટણસુધીના શ્રૃંગાર કમળડાંડી.

પ. ભ. કાન્તીલાલ નરોત્તમદાસ ધ્રુવ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણમુખ્યરસસંગમદાયિન્યૈ નમઃ ।।
શ્રીકૃષ્ણના મુખ્યરસ-સંયોગ સુખને આપનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મહા વદ ૧૪ - શિવરાત્રી

મુકુટ કાછનીનો શ્રૃંગાર શ્વેત દોરિયાના વસ્ત્ર ચોવાની ચોલ, લાલ પટુકા,
વાઘાંબર જેવા ઠાડા વસ્ત્ર, આભુષણ મુગટ સોના મીનાનો

પ. ભ. વિણાબેન કાન્તીલાલ ધ્રુવ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણક્રીડાશ્રયાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણની ક્રીડા (લીલા) ના આશ્રયરૂપને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ફાગણ સુદ ૧૧ - કુંજ એકાદશી

પાંચ રંગના ગુલાલથી ડોલ સુધી ખેલાવવા, મુગટ કાછનીનો શ્રૃંગાર, કેસરી દોરિયાના વસ્ત્ર, ચોવાની ચોલી, લાલ મીનાના મુગટ, આભુષણ.

પ. ભ. કિરણકુમાર કાન્તીલાલ ધ્રુવ ના જયશ્રીકૃષ્ણ





શ્રીકૃષ્ણપદવી પ્રાપ્તિકાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના સ્થાનને પ્રાપ્ત કરાવનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ફાગણ સુદ ૧૪

વસ્ત્ર સફેદ, ઘેરદાર વાઘો, સુથન, છજ્જેદાર પાઘ, મધ્યનો શ્રૃંગાર ચોવાની
ચોલી, ગુલાલની પોટલી, પીચકારી, આભુષણ સોના મોતીના.

પ. ભ. મોનાબેન કિરણકુમાર ધ્રુવ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણસ્થિતાયૈ નમઃ ॥

શ્રીકૃષ્ણમાં સ્થિતને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ફાગણ સુદ ૧૫ - હુતાશીની (હોળી)
સફેદ જગન્નાથી વસ્ત્ર, ઘેરદાર વાઘા, પાઘ ખીડકીની, ઠાડું વસ્ત્ર લાલ,
પીછવ સફેદ ગુલાલ છાપાની, આભુષણ સોનાના.
ગો. વા. પ. ભ. ચત્રભુજ નરસીદાસ ઘીયા ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણવાસહૃદયાયૈ નમઃ ।।
શ્રીકૃષ્ણનો નિવાસ જેમનાં હૃદયમાં છે તેમને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ડોલોત્સવ
સફેદ મલમલના ઘેરદાર વાઘા, છજ્જેદાર પાઘ, ચોવાની ચોલી, ચંદ્રિકા,
ચરણાવિંદ સુધીનો શ્રૃંગાર, સોનાના આભુષણ ઠાડું વસ્ત્ર લાલ
પ. ભ. ગં. સ્વ. જયાબેન ચત્રભુજ ઘીયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણકામુકાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણની ચાહના કરનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ડોલ પછીનો શ્રૃંગાર

શ્રી ઠાકોરજીને ઉખ્ણજલથી ત્રાણ વખત અંગવસ્ત્ર કરવું. લાલ જરીનો ગદ્દલ
આઢાડવી, કસુંબી રંગની કુલ્હે, હીરાના આભુષણ ધરી અનોસર કરવા.

પ. ભ. અનંતરાય મોહનજી પારેખ ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણપ્રિયપ્રિયાયૈ નમઃ ।।
શ્રીકૃષ્ણનાં પ્રિય જે વ્રજભક્તો, તેમને અત્યંત
વહાલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ફાગણ વદ ૨ - દ્વિતિય પાટોત્સવ (ઉખગકાલ લીલા)

લાલ ચાકદાર વાઘો જરીનો, મોર ચંદ્રિકાનો ઘેરા (જોડ) ઘરવા. હોળીનો સખા ભાવ નો લોપ ઘયા પછી પભુ પાટ ઉપર ફરી બીરાજે એટલે દ્વિતિય પાટોત્સવ

પ. ભ. અ. સૌ. પ્રમિલાબેન અનંતરાય પારેખ ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણસ્થાયિભાવસમુદ્ભાવાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના સ્થાયિભાવ (રતિ) માંથી ઉદ્ભવેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ચૈત્ર સુદ ૧ - સંવત્સર ઉત્સવ (ગુડી)
સોનેરી લાલ છાપાના ચાકદાર વાઘો, પટુકા, કુલ્હે, હમેલ, વનમાલાના
શ્રૃંગાર, શ્રૃંગાર ભારે આભુષણ હીરા મોતીના
ગો. વા. પ. ભ. અમૃતલાલ લવજી કાટકોરીયા ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણમિલનૈકસ્થાન ભૂતાયૈ નમઃ ।।
શ્રીકૃષ્ણને મળવાનાં મુખ્યસ્થાન બનેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ચૈત્ર સુદ ૯ - રામનવમી

સોનેરી કિનારનો કેસરી ચાકદાર વાઘો, કુલ્હે, સૂથન, ચંદ્રિકા જોડ,
વાઘનખા, ભારે વનમાલાના શ્રૃંગાર, ઉત્સવની સામગ્રી, આભુષણ હીરાનાં.

પ. ભ. વસંન્તરાઇ ત્રિભોવનદાસ ગાદોયા ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણગોપીસહચય્યૈ નમઃ ।।
શ્રીકૃષ્ણ અને ગોપીઓની સાથે રહેનારાં ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ચૈત્ર વદ ૧૧ - શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ

રૂપેરી કિનારના કેસરી મલમલના ચાકદાર વાઘો, સૂથન, પટકા, શ્રી અંગ પર બદી,
હમેલ, વાઘનખ, આભુષણ માણેકના ભારે, કપોલ પર કમલપત્ર કરવા.

પ. ભ. અ. સૌ. લલિતાબેન વસંન્તરાઇ ગાદોયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણસન્માનવર્દ્ધિન્યૈ નમઃ ।।
શ્રીકૃષ્ણના સન્માનને વધારનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



વૈશાખ સુદ ૩ - અક્ષય તૃતિયા - ઉષ્ણકાલ શરૂ
કેસરની કોરના સફેદ મલમલના પિછોડા અને કુલ્હે, ત્રણ જોડની ચંદ્રિકા,
આભુષણ ને કુંડળ, મોતી, હીરાના, વનમાલાનો શ્રૃંગાર, સતુઆની સામગ્રી.
પ. ભ. અશોકકુમાર ચત્રભુજદાસ ઘીયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણકાર્યપરાયૈ નમઃ ॥
પ્રભુના કાર્ય (લીલા) માં તત્પરને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



વૈશાખ સુદ ૧૪ - શ્રી નૃસિંહ ચતુર્દશી ઉત્સવ

વૈશાખ સુદ ૬થી ઠાડા વસ્ત્ર ન હોય, પિછોડ ને પાથ કેસરી, શ્રીહસ્તમાં વાઘના મોઢાવાળા કડા, કુંડલ પાન, હાસત્રિવલી, મોતીના આભુષણ:

પ. ભ. મધુબેન અશોકકુમાર ઘીયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણલીલાસ્થલવિશુદ્ધિકાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણનાં લીલાસ્થળો શ્રીવૃંદાવનાદિને શુદ્ધ કરનારાને
નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૧ - મંગળા દર્શન

ફૂલ ગુલાબી આડબંધ, શ્રી મસ્તક પર ફેંટા, બે કર્ણફૂલ, કંઠસરી ને આછા શ્રૃંગાર.

પ. ભ. યોગેશકુમાર વસંન્તભાઈ ગાદોયા ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણક્રીડાકુંકુમાંદિયુતાયૈ નમઃ ॥
જયવિહારત શ્રીકૃષ્ણના પ્રસાદી કુંકુમચંદનઆદિથી
યુક્તને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૬ - મંગળા ઉષ્ણકાલ

શ્વેત મલમલની આડબંધ, શ્રી મસ્તક પર શ્વેત ફેંટા, બે કર્ણફૂલ, કંઠમાં
કંઠસરી ને આછા શ્રૃંગાર.

પ. ભ. તૃપ્તીબેન યોગેશકુમાર ગાદોયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણરસાતુરાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણ સંબંધી રસ માટે આતુરને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૯ - શ્રૃંગાર દર્શન

વસ્ત્ર શ્વેત આડબંધ દોરિયાનો, ગોલ પાઘ, ચંદ્રિકા, કલગા, સિરપેચ, પાન
આકારને શીશફૂલ, કમલની માલા, કમલડાંડી.

પ. ભ. ભારતેન્દુ અનંન્તરાય પારેખ ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણ ગોપી પૂજ્યદેવ્યૈ નમઃ ॥
શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કુમારીકાઓએ
જેમનુ દેવીરૂપે પૂજન કરેલ છે તેમને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ઉષ્ણકાલના મંગળા

લાલ કિનારીવાળો પીળો ઉપરણો,શ્રી મસ્તક પર દુમાલો, મોતીની કંઠસરી,
આછા શ્રૃંગાર.

પ. ભ. અ. સૌ. છાયાબેન ભારતેન્દુ પારેખ ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણવ્રતફલપ્રદાયૈ નમઃ ।।

શ્રીકૃષ્ણના માટે વ્રત કરનારાંઓને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૧૨ - ઉષ્ણકાલનાં શ્રૃંગાર

લાલ (કસુમલ) મલમલના મલ્લકાચ્છ, કંઠમાં ફૂલના હાર, વેણુવેત્ર, શ્રી
મસ્તક પર લાલ ફેંટો, શ્વેત તુર્રા, મધ્યના શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. કાન્તીલાલ અમૃતલાલ કાટકોરીયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણલીલાર્થ માયાતાયે નમઃ ।।
શ્રીકૃષ્ણની લીલા માટે જે ભૂતલ ઉપર પધાર્યા તેમને
નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૧૫ - સ્નાન યાત્રા

સ્નાન પહેલાં ચંદની કોરના ઘોતી ઉપરણા, મોતીના શ્રૃંગાર, શ્રી મસ્તક પર
શ્રૃંગાર ન ઘરવા, કંદોરો (ક્ષુદ્રઘંટિકા)

પ. ભ. વસંન્તરાય વલ્લભદાસ કુરાણી નાં જયશ્રીકૃષ્ણ





કૃષ્ણપાદસ્પર્શકામાયૈ નમઃ ।।
કૃષ્ણનાચરણ સ્પર્શની ઇચ્છાવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૧૫ - સ્નાન યાત્રા (અભિષેક)

તુલસીદલ ચરણાવિંદમાં અને શંખમાં પધરાવવા. કેસર, કપુર, ચંદન સુગંધી ફૂલ અને શંખમાં શીતળ જળ પધરાવી અભિષેક કરવો.

પ. ભ. મંજુલાબેન વસંતરાય કુરાણી ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણમાનસ સંશ્રિતાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના મનમાં વસનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ સુદ ૧૫ - સ્નાન યાત્રા - શ્રૃંગાર

કેર, ચંદન પિછોડા, કેસરના છાપાની કોરની સફેદ કુલ્હે, મોતી/ચંદન/
છીપનાં આભુષણ શ્રૃંગાર ભારે, પાંચ ચંદ્રિકાની જોડ.

ગો. વા. પ. ભ. પ્રભુદાસ કેસવલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણસકતાયૈ નમઃ ।।

શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ વદ ૧

સ્નાન યાત્રાના વસ્ત્ર, ચંદનકિનારવાળા સફેદ ધોતી ઉપરણા, સફેદ ખીડકીની
પાઘ, આછા મોતીના શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. ચંપાબેન પ્રભુદાસ કુરાણી ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણપ્રીતિપ્રસાધિન્યૈ નમઃ ।।
શ્રીકૃષ્ણમાં પ્રીતિ સાધનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેટ વદ ૩ - ફૂલ મોતીના શ્રૃંગાર

મલ્લકાચ્છ મોતીનો શ્વેત ટિપારો, ચંદનની ચંદ્રિકા અને કતરા, મધ્યના શ્રૃંગાર,
ફૂલની ચોટી, ચંદન/મોતીના આભૂષણ, મોતીના વેણૂ-વેત્ર.
ગો. વા. પ. ભ. મણીલાલ કેસવલાલ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણંઘ્રિરેણુબહુલાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના ચરણકમલની રજ જેમાં અધિક છે તેમને
નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



જેઠ વદ ૪

અંગૂરી રંગના પિછોડા ને ટીપારે પીળી કિનારનો વચ્ચે તુર્રા અને બન્ને બાજુ કતરા મયુરાકૃત કુંડળ, વનમાલાના શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. દિવાળીબેન મણીલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણસેવકસન્મુખાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના સેવકોની સન્મુખ બિરાજમાન ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આષાઢ સુદ ૨ - રથયાત્રા

સોનેરી કિનારના દોરિયાના કુલ્હે પિછોડા, શ્રૃંગાર ભારે દોહરો, પાંચ ચંદ્રિકાની જોડ, આ આભુષણો ઉત્સવા, દરેક તરેહના આભુષણ.

પ. ભ. વિનોદરાય બાબુલાલ કુરાણી ના જયશ્રીકૃષ્ણ





સ્વદાસાનાં કૃષ્ણ ભાવ વિરોધિપ્રકૃતિનાશિન્યે નમઃ।।
શ્રીકૃષ્ણ વિષયકભાવ (ભગવદ્‌ભાવ) થી વિરૂદ્ધ એવી
પોતાના સેવકોની પ્રકૃતિનો નાશ કરનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૨ - રથયાત્રા (ત્રીજોભોગ)

શ્વેત દોરિયાના પીછોડા, શ્વેત કુલ્હે, ફૂલનો હાર, સાદી પાંચ ચંદ્રિકાની જોડ, ચોટી
આભુષણ ભારે, આજથી ઉષ્ણકાળ નો ક્રમ બંધ ચરણાવિંદ સુધીના શ્રૃંગાર
પ. ભ. પુષ્પાબેન વિનોદરાય કુરાણી ના જયશ્રીકૃષ્ણ





તરણિતનયાયૈ નમઃ ॥

તરણિ-સૂર્યનાં પુત્રીને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૩

આડબંધ, શ્રી મસ્તક પર કુલ્હે, આભુષણ હીરાના, શ્રૃંગાર ઘુંટણ સુધનો
હલ્કો, જલની પરાંત ધરવી નહીં, ચંદ્રીકાની જોડ.

ગો. વા. પ. ભ. લછમીદાસ છગનલાલ કાચલીયાના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણહૃદયંગમાયૈ નમઃ ॥
શ્રીકૃષ્ણનાં હૃદયંગમ (પ્રિય) ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૬ - કસુંબા છઠ્ઠ

સાજ કસુંબલ, કસુંબલ, મલમલના પિછોંડા, છજ્જેદાર પાઘ, સાદી ચંદ્રિકા,
મધ્યનો શ્રૃંગાર, ઠાડા વસ્ત્ર શ્વેત.

ગો. વા. પ. ભ. દિવાળીબેન લછમીદાસ કાચલીયા ના જયશ્રીકૃષ્ણ





નીલધામયૈ નમઃ ।।

નીલ (શ્યામ) તેજવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૭

સોનેરી કિનારની લાલ (કસુબલ) પરદની શ્રી મસ્તક પર લાલ ફેંટો, ઉપર
શ્વેત તુર્રા, મધ્યના શ્રૃંગાર.

પ. ભ. જયસુખલાલ લછમીદાસ કાચલીયા ના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણજીવનવહાયૈ નમઃ ।।
શ્યામ જલ વહેવડાવનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૧૪ - ગોવર્ધનમાલાના શ્રૃંગાર

શ્વેત મલમલની પરદની, શ્વેત ફેંટો ફૂલની હમેલ, ફૂલની બદી, ચારે બાજુ
ફરતી ગોવર્ધનમાલા ઉપર વનમાલા ધરાવાય છે.

પ. ભ. રમાબેન જયસુખલાલ કાચલીયા ના જયશ્રીકૃષ્ણ





કૃષ્ણમિલનાંતરાયહારિણ્યૈ નમઃ ॥
શ્રીકૃષ્ણના મિલનમાં આવતા દોષોને હરનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ સુદ ૧૫ - ગુરૂ પુર્ણિમા
ચોફુલી ચુંદડીના સોનેરી કિનારના બ્લુ ને કસુબલ કાછની, મોતી/મીના/
સોનાનો મુગટ, ઉપરણો કસુંબલ, ઠાડું વસ્ત્ર જામદાનીનું, આભુષણ મોતીના.
પ. ભ. મગનલાલ કાનજી ગગલાણી ના જયશ્રીકૃષ્ણ



નિજનાથમાર્ગદાયિન્યૈ નમઃ ।।
પોતાના સ્વામી (શ્રીકૃષ્ણ) ને માર્ગ દેનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



રાજભોગ

મુકુટકાછનીનો શ્રૃંગાર, ઉપરણો ચોટી, વેણુવેત્ર, સુગંધી અતરનો છંકાવ, ઝારીજી, બંટાજી, બીડાજી, કમળડાંડી, કમળમાળ, શ્રૃંગાર ભારે, ઠાડું વસ્ત્ર સફેદ.

પ. ભ. હીરાબેન મગનલાલ ગગલાણી ના જયશ્રીકૃષ્ણ





કુમારિકા કામપૂરિકાયૈ નમઃ ॥
(વ્રજ) કુમારીઓની કામનાઓ પૂરી કરનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



મંગળા - શ્રી ગોવર્ધનનાથજી
લાલ કિનારીવાળોં પીળો ઉપરણો, શ્રી મસ્તક પર પીળો દુમાલો, કમળડાંડી,
કંઠસરી, સિરપેચ, કાનમાં કુંડળ.
ગો. વા. પ. ભ. રૂગનાથ કપુરચંદ ફુરાણી ના જયશ્રીકૃષ્ણ





ધર્માનુજારી નમઃ ॥
ધર્મ (યમ) રાજાનાં નાનાં બહેનને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રી ગોકુલચંદ્રમાજી

વેણુધારી ત્રિભંગી સ્વરૂપે 'ગોકુલનો ચંદ' કામવનમાં બીરાજે છે. જે સાત સ્વરૂપમાંનું એક છે.

ગો. વા. પ. ભ. પ્રભાબેન રૂગનાથ કુરાણી ના જયશ્રીકૃષ્ણ





મુનિજનસ્તુતાયૈ નમઃ ॥
મુનિજનોથી સ્તુતિ કરાયેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આષાઢ વદ ૪ - શ્રી ગોકુલચંદ્રમાજી પાટોત્સવ
કેસરી પિછોડા, કેસરી કુલ્હે, સિરપેચ, શીશફુલ, કુંડળ, કમલ ડાંડી, ચોટી,
વનમાલાના શ્રૃંગાર, ચંદ્રિકા, ઠાડા વસ્ત્ર મેઘશ્યામ.
પ. ભ. કુરણાલ અશોકકુમાર ઘીયા ના જયશ્રીકૃષ્ણ



શ્રી ગોકુલવાસિન્યૈ નમઃ ॥

શ્રીમદ્ ગોકુલમાં વાસ કરાનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આષાઢ વદ ૧૧ - દુહેરા મલ્લકાચ્છ

દુહેરા (બે રંગના) મલ્લકાચ્છ, ગુલાબી ને પીળો પટકો, ટિપારાની જોડમાં
મોરશિખા ને બે કતરા, શ્રૃંગાર મધ્યના, કુંડળ બ્લુ ઠાડું વસ્ત્ર.
પ. ભ. વિનોદરાય નાથાલાલ વખારીયાના જયશ્રીકૃષ્ણ





કેલિસલિલાયૈ નમઃ ॥

ક્રીડા (શ્રમ) જલરૂપને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



અષાઢ વદ ૧૨ - પચરંગી

શ્રૃંગાર મુકુટ કાછનીનો, પીતાંબર અને કાછની પચરંગી. શ્વેત બુટીના ઠાડા વસ્ત્ર, આભુષણ હીરા મોતીના ભારે.

પ. ભ. અ. સૌ. મધુબેન વિનોદરાય વખારીયાના જયશ્રીકૃષ્ણ



मृदुवालुकायै नमः ॥

કોમલ વેળુવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ટિપારાનો શ્રૃંગાર

પીળો મલ્લકાચ્છ, પરદની અને મલ્લકાચ્છ સાથેનો પટકો પીળો, શ્રી મસ્તક પર ટીપારાની જોડ, મોરશીખા અને કતરા, શ્રૃંગાર મધ્યના, મયુરાકૃત કુંડલ.

પ. ભ. ધિરજલાલ છગનલાલ જસાપરા ના જયશ્રીકૃષ્ણ





દલિતાંજનચિક્કણાયૈ નમઃ ।।
ઘૂંટેલાં આંજણ જેવાં ચીકણાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આષાઢ વદ ૩૦ - હરીયાળી અમાસ

સોનેરી કિનારીના પિછોડાં, શ્રી મસ્તક પર પાઘ, ઠાડા વસ્ત્ર-લીલા રંગના,
ચંદ્રિકા ને લૂમ પન્નાની, આભુષણ પન્ના, મોતીના
ગો. વા. પ. ભ. હંન્સાબેન ધિરજલાલ જસાપરાના જયશ્રીકૃષ્ણ



ઈંન્દીવરસુખસ્પર્શાયૈ નમઃ ॥
શ્યામ કમલ સરખા સુખદ સ્પર્શવાળાં ને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧ (હરીઘટા)
ઘેરદાર વાઘો, સુથન, પાઘ, ગાદીજી, તકીયા, લીલા રંગના, મુગટ
આભુષણ, પન્ના / મોતીના / સોનાનો વર્ષા ઋતુના પદ ગવાય.
ગો. વા. પ. ભ. ધિરજલાલ દુવારકાદાસ વૈદના જયશ્રીકૃષ્ણ



કૃષ્ણવજનપંકજાયૈ નમઃ ॥
શ્યામ મુખકમલવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૩ - શ્રી ઠકુરાણી ત્રીજ

ચુંદડીની છજ્જેદાર પાઘ, અને લાલ ચુંદડીના પિછોડાંમા ચોફૂલી પીળી,
વનમાલાના શ્રૃંગાર, કેસરી ઠાડા વસ્ત્ર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ





મદાલસવિલોચનાયૈ નમઃ ॥
મદવડે આળસયુક્ત નેત્રવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૫ - નાગપંચમી - શ્રીજીની ઉર્ધ્વભુજાનું પ્રાગટ્ય

કોયલી રંગના પિછોડા, છજ્જેદાર પાઘ, નાગફણીનો કતરો, સિરપેચ,
કમલડાંડી, મધ્ય શ્રૃંગાર, કર્ણફૂલ ચાર, ઠાડાં વસ્ત્ર કેસરી.

ગો. વા. પ. ભ. શાન્તાબેન ધિરજલાલ વૈદના જયશ્રીકૃષ્ણ



કંકણાંગદકેયુર મુદ્રિકા વિલસદ્‌ભુજાયૈ નમઃ ॥
કંકણ, બાજુબંધ, પહોંચી, વીંટીથી સુશોભિત
ભુજાવાળાને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૮ - બંગીચા લીલા લહોરિયા

પિછોડા ને છજ્જેદાર પાઘ, લીલા લહેરિયાની, નાગફણીનો કતરો, સિરપેચ, શીશફૂલ, લૂમ, કર્ણફૂલને ચાકડા, કમલડાંડી, વનમાલાના શ્રૃંગાર, ઠાડા વસ્ત્ર લાલ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





મુક્તાહારોલ્લદ્વક્ષસ્થલાયૈ નમઃ ।।
મોતીના હારોથી શોભિત વક્ષસ્થળવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧૦ - ગોલ કાછની
કિનારવાળી કેસરી ગોલકાછની, ટિપારાની જોડમાં ઘેરા અને ગોકર્ણ, કુંડળ
ચોટી, કમળડાંડી, કમળ-માળા, વનમાલાના શ્રૃંગાર
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ





પરમાનંદરૂપિણ્યૈ નમઃ ।।

પરમ આનંદરૂપવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧૧ - પવિત્રા અગીયારસ શ્રૃંગાર

કેસરની કિનારી અને બુટીવાળા શ્વેત પિછોડા, શ્વેત કુલ્હે, ચંદ્રિકા, સિરપેચ,
પાન, પહોંચી, બાજુબંધ, હથફૂલ, ઠાકોરજી ને ૩૬૦ તારનાં સૂતરના
પવિત્રા, બાદલાનાં સોનેરી, રૂપેરી તારનાં પવિત્રા ધરાવવા.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





ગોલોકતટિન્યૈ નમઃ ।।

ગોલોકનાં સરિતાને તટે વસનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



પવિત્રા બારસ - શ્રૃગાર

ગુલાબી રંગના પીછોડા વચ્ચે સોનેરી કિનાર, ગુલાબી પાઘ, આભુષણ મોતી
માણેક પન્નાના, ચમકની ચંદ્રિકા, લૂમ, ગુરૂદેવને પવિત્રા ધરાવવા
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





વૃંદાવનવિનોદિન્યૈ નમઃ ।।

વૃંદાવનમાં વિનોદ કરનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧૩ - ચતુરાનાગાનો મનોરથ

કેસરી લહેરિયાના મુકુટ - કાછની પીતાંબર, કુંડળ, સામગ્રી કંટોળાનું શાક
ને શીરો જરૂર ધરવો આભુષણ મોતી, માણેકના.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



રાસમણ્ડલમણ્ડિતાયૈ નમઃ ।।
રાસમંડલથી સુશોભિતને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧૫ - રક્ષાબંધન

પિછોડાને પાઘ કસુંબી (લાલ) ચંદ્રિકા, લૂમ, આભૂષણ મધ્યના, પભુને શ્રી હસ્તપર રાખડી (રક્ષા) ધરાવવી.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





નિકુંજતલનિવાસિન્યૈ નમઃ ।।

નિકુંજના નીચે નિવાસ કરનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ વદ ૭ - છઠ્ઠીનો ઉત્સવ
કિનારી વિનાના પિછોડા ને પાઘ લાલ, ચંદ્રિકા, સિરપેચ, કલગી, વનમાલા
શ્રૃંગાર ચરણાવિંદ સુધી, આભુષણ મોતી, માણેક, પન્નાના.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



પુષ્પપલ્લવ વાહિન્યૈ નમઃ ।।
પુષ્પો અને પલ્લવોને વહેવડાવનારને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ વદ ૮ - જન્માષ્ટમી સવારે

કેસરી ઘોતી, ઉપરણા, ક્ષુદ્રઘંટિકા, શ્રી મસ્તક પર શ્રૃંગાર ઘરવા નહી, શ્રી
હસ્ત ને ચરણાર્વિંદમાં હલકા આભુષણો.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





પરિપૂર્ણતામાયૈ નમઃ ।।
પરિપૂર્ણતમને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ વદ ૮ - પંચામૃત સ્નાન જન્માષ્ટમી

મધ્યરાત્રીએ મંત્રો ને ધૂન બોલાવતા ઘંટાનાદ વચ્ચે જન્મ ઉજવાય છે પંચામૃત શંખમાં પધરાવી અભિષેક કરે છે. કેસરી ઘોતી, ઉપરણા ને હલ્કા અભુષણ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



પૂર્ણબ્રમ્હપ્રિયાયૈ નમઃ ।।

પૂર્ણબ્રહ્મ (શ્રીકૃષ્ણ) નાં પ્રિયાને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ વદ ૯ - જન્માષ્ટમીનાં શ્રૃંગાર

ચાકદાર વાઘા ને કુલ્હે કેસરી, પટુકા ઉત્સવનું પાન, ચંદ્રિકા શ્રૃંગાર ભારે

ત્રણ જોડના, ચોટી જડાઉ, કુંડળ, આભુષણ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





પરાયૈ નમઃ ॥
પરા (સર્વોત્કૃષ્ટ સ્વરૂપવાળાંને) નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



શ્રાવણ સુદ ૧૨ - ગોલકાછનીના શ્રૃંગાર - બાળલીલાના શ્રૃંગાર
ગુલાબી ગોલ કાછની, ચોફૂલીની ટિપોરે, ચોટી ચમકની, શ્રી હસ્તમાં
ફૂલની છડી, વનમાલાના શ્રૃંગાર, મેઘશ્યામ ઠાડા વસ્ત્ર.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ



નિકંજદ્વારનિર્ગતાયૈ નમઃ ॥
નિકુંજદ્વારમાંથી નીકળેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



તાજબીબીનો મનોરથ

ઘોરાના ચુડીદાર, સૂથન, પટુકા તાજબેગમની સેવાથી જાણીતા છે શ્રીજી

ચોપાટ તેની સાથે રમતા, ઠાડા વસ્ત્ર પીળા (કેસરી)

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ



રત્નબદ્ધોભયતટયૈ નમઃ ।।

રત્નોમાંથી બાંધેલં બંને તટવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૪ - દંડાચોથ ગણેશ ચતુર્થી
ઘોરાના સૂથન, પટુકા, ફેંટા, મોરશીખા, કતરો, મધ્યના શ્રૃંગાર, ઠાડા વસ્ત્ર
બીલા ચૂરમાની સામગ્રી.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



હંસપદ્માદિસંકુલાયૈ નમઃ।।

હંસો કમલો વગેરેથી વ્યાપ્તને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૫ - શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્ય ઉત્સવ
બ્લુ કિનારીના પીળા પિછોડા ટિપારાની જોડ, ચમકની બન્ને બાજુ જડાવ
કલગી, ચોટી, આભુષણ, વનમાલાના શ્રૃંગાર.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





બ્રહ્માણ્ડવ્યાપિન્યૈ નમઃ ।।
બ્રહ્માંડમાં વ્યાપેલાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન ફુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૬ - શ્રી લલિતાજીનો પ્રાકટ્યોત્સવ
પચરંગી લહેરીયાના પિછોડા છજ્જેદાર પાઘ, ત્રણ કલગી, નાગફણીનો
કતરો, ઉત્સવની સામગ્રી, હીરાનાં આભુષણ.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ





ગોલાકવાસિન્યૈ નમઃ ।।
ગોલોકમાં વાસ કરનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૭ - શ્રૃંગાર

કિનારી વગરનો લાલ પીછોડા, લાલ પાઘ, ચંદ્રિકા, કલગી, સિરપેચ,
વનમાલાના શ્રૃંગાર ચરણાવિંદ સુધી, આભુષણ કર્ણફૂલ ચાર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



વૃંદાવનવિહારિણ્યૈ નમઃ ।।

વૃંદાવનમાં વિહાર કરનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવાં સુદ ૮ - શ્રી રાધાષ્ટમીનો ઉત્સવ - શ્રૃંગાર

ચાકદાર વાઘાને કુલ્હે કેસરી, પટુકા લાલ, ઉત્સવનું પાન, શ્રૃંગાર ભારે,
ત્રણ જોડના, ચોટી જડાવ, આભુષણ, ઠાડા વસ્ત્ર મેઘશ્યામ.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



સપ્તસમુદ્રભેદિન્યૈ નમઃ ।।

સાત સમુદ્રોને ભેદનારાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૧૧ - દાન એકાદશી
મુકુટ કાછનીનો શ્રૃંગાર, પીતાંબર કસુંબલ, જડાવ મુકુટ, શ્રૃંગાર ભારે
દોહરો, સંધ્યાર્તિમાં સૂવર્ણનો વેત્ર શ્રી હસ્તમાં.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





ગોવિંદકુણ્ડનિલયાયૈ નમઃ ॥
ગોવિંદકુડમાં નિવાસ કરાનારાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા સુદ ૧૨ - વામન જયંતિ

અભ્યંગ પછી કેસરી દોરિયાના ઘોતી, ઉપરણા કુલ્હે, શ્રૃંગાર ભારે, હીરાના
આભુષણ, ઉત્સવની સામગ્રી.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ





શ્રીકૃષ્ણદેહસમુદ્‌ભાવચૈ નમઃ ।।
શ્રીકૃષ્ણના શ્રીઅંગથી પ્રકટેલાંને નમન હો.
ા.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા વદ ૧૧ મહાદન - ગોવર્ધનનું દાન

કેસરી/પીળા મુકુટકાછની, સોનેરી કિનારના, પટુકા, મોતી, માણેક, પન્નાના આભુષણ, દહીં ની હાંડી ધરવી, ૧૪/૧૫ સાંજીનો પ્રારંભ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





શ્રીકૃષ્ણવામાંસભૂતાયૈ નમઃ ।।
શ્રીકૃષ્ણના ડાબા સ્કંધરૂપને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા વદ ૧૨ - દાનના દિવસો - શ્રૃંગાર

સોનેરી કિનારની ધોતી અને ગ્વાલ પગા ગુલાબી, ચમકની મોરશિખા, લૂમ,
શ્રી હસ્તમાં ફૂલની છડી, મધ્યના શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





રસિકાયૈ નમઃ ॥

રસિકાને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



ભાદરવા વદ અમાસ - કોટની આરતી

શ્યામ રંગના મુકુટ કાછની અને પીતાંબર, જડાવ મુગટ, શ્રૃંગાર ભારે,
સંધ્યાર્તિ સમયે સુવર્ણાનો વેત્ર શ્રી હસ્તામાં દાનની સામગ્રી.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



રસિકૈશ્વર્યૈ નમઃ ॥

રસિકની સ્વામિનીને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો સુદ ૧ - નવરાત્રી પ્રારંભ

ચાકદાર વાઘો અને પટકા લાલ (ત્રિશુલના), લાલ કુલ્હે, શ્રૃંગાર ભારે,
ચંદ્રકલાની સામગ્રી, વનમાલાના શ્રૃંગાર, ઠાડા વસ્ત્ર સફેદ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





સર્વતીર્થમય્યૈ નમઃ ।।

બધાં તીર્થસ્વરૂપાને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો સુદ ૨

ખરેટાનો પીળો ચાકદાર વાઘો, ધોતી અને પટકા લાલ છાપાના, દુમાલો,
સહેરા, ચોટી, ઠાડા વસ્ત્ર લીલા, કુંડળ, મધ્યના શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ



ગોલોકધામધનિન્યૈ નમઃ ।।
ગોલોકધામરૂપ ધનવાળાંને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



(આસો સુદ નવ વિલાસ) આસો સુદ ૫

ઘેરદાર વાઘો અને સૂથન કેસરી છાપાના, કેસરી પાઘ, નાની કલગી,
કર્ણફૂલ, મધ્યના શ્રૃંગાર, મેઘશ્યામ ઠાડા વસ્ત્ર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





સર્વોત્તમાયૈ નમઃ ॥

સર્વોત્તમ સ્વરૂપવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો સુદ ૧૦ - દશેરાનો ઉત્સવ વિજયા દશમી

સફેદ જરીનો ઘેરદાર વાઘા, ઉપરણો જરીનો, સૂથન લાલ, જરીની પાઘ,
ચંદ્રિકા, જવારાની કલગી, દશેરા ચીતરી ખડીની દહેરી ચીતરવી.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ

સર્વપુણ્યાયૈ નમઃ ॥
બધા પુણ્ય સ્વરૂપવાળાને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો સુદ ૧૫

મુકુટ કાછનીનો શ્રૃંગાર, મુગટ હીરાનો, કાછની જરીની, પીતાંબર લાલ,
રાસની પીછવાઈ, શ્રૃંગાર સફેદ ભારે હીરાના.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ ફુરાણીના જયશ્રીકૃષ્ણ





સર્વ સૌંદર્ય શુંખલાયૈ નમઃ ॥
બધાં સૌંદર્યનાં શુંખલારૂપને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ.



શરદ દર્શન

સફેદ જરીની કાછની હીરાનો મુગટ, હીરા મોતીના આભુષણ, અલકાવલી,
કમલડાંડી, કમળમાળા, ચરણાવિંદ સુધીનો વનમાલાનો શ્રૃંગાર.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



સર્વતીર્થોપરિગતાયૈ નમઃ ।।

બધાં તીર્થોથી ઉપર રહેલાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો વદ ૧

મુકુટ કાછનીનો શ્રૃંગાર, મુગટ હીરાનો ઠાડૂં વસ્ત્ર સફેદ, ઝારીજીનો નેડો સફેદ, આભુષણ હીરામોતીના.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





સર્વતીર્થાધિદેવાય નમઃ ।।
બધાં તીર્થોના અધિદેવતારૂપને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો વદ ૧૧

ચાકદાર વાઘો શ્યામ જરીનો, ચીરા (પાઘ) છજ્જેદાર, નાગફણીનો કતરો,
આભુષણ હીરાના, આજથી અન્નકુટની બડી સેવાની શરૂવાત.
ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ

।। જય શ્રી યમુને ।।



શ્યામાયૈ નમઃ ।।
શ્યામા સ્વરૂપાને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો વદ ૧૨ - વાઘબારશ

પીળી જરીનો વાઘો અને પાઘ, રૂપેરી ચમકની ચંદ્રિકા, આભુષણ પન્નાના,
શ્રૃંગાર ચરણાવિંદથી ઉપર રહે.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





અમ્ભોજનેત્રાયૈ નમઃ ।।

કમલ સરખાં નેત્રોવાળાંને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો, વદ ૧૩ - ધનતેરસ

લીલા જરીના ચાકદાર વાઘો, ચીરા છજ્જેદાર, ચંદ્રિકા, શ્રૃંગાર ભારે દોહરો,
ચરણાવિંદ સુધીનો માણેકના આભુષણ.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ



રાધાસખ્યૈ નમઃ ।।

શ્રીરાધાજીનાં સખીને નમન હો.

અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ



આસો વદ ૧૪ - રૂપચતુદશી

ઘેરદાર વાઘો જરીનો, ચંદ્રિકા, હીરાના આભુષણ, મંગળા આરતી પછી
પાછલી રાત્રે ચંદ્રોદય સમયે સ્નાન કરાવી પ્રભુને હટડીમાં બારજાવવા.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ





માર્ત્તણ્ડતનુજાયૈ નમઃ ॥
માર્તંડ (સૂર્ય) નાં પુત્રીને નમન હો.
અ.સૌ.સ્વ.પ.ભ. તારાબેન કુરાણી નાગપુરવાળા ના જયશ્રીકૃષ્ણ

મારા ઘરમાં બિરાજતા શ્રીનાથજી શ્રીયમુનાજી શ્રી મહાપ્રભુજી
મે તો ચીતડૂં શ્રીનાથજીને ચરણે ધર્યું જીવન સફળ કર્યું



ગો.વા.અ.સૌ. તારાબાના સેવ્ય સ્વરૂપ શ્રી યમુનાજી.



સખીવેશ

પ્રકૃતિ અને પુરૂષ એક છે એ લીલાભાવ શ્રીનાથજી સખીવેશ દ્વારા પ્રગટ કરે છે.

ગો. વા. પ. ભ. અ. સૌ. તારાબેન અમૃતલાલ કુરાણીના જયશ્રીકૃષ્ણ

મહારાણીજીનું કીર્તન

ઘરચોળુ ઓઢીને યમુના પ્રિતમ જોડે ચાલી રે ।
મન ના માંડવડે મે તો મોતીડે વધાવી રે .... ઘરચોળું
રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરીયાને ઝણકાવી એ આવી રે
વાંકી આંખે પાછળ એ તો પ્રીતમ જોતી આવીરે ... ઘરચોળું
માથે સહેરો કાને કુંડળ મુખ પર મરવટ માંડી રે,
પાનેતર ને ચુંદડી ઓઢે મન મંદિરીએ આવી રે .. ઘરચોળું
આગળ યમુના પાછળ પ્રીતમ બને જોડી ભાવી રે,
મારા મનના ભવન દ્વાર પર ચોખલીયે વધાવી રે .. ઘરચોળું
કંકુવરણી પહેલી પગલી મન મંદિરીયે પાડી રે,
બીજે પગલે કુલડા વેરી ભીતર ભવન સિધાવી રે .. ઘરચોળું
નયન કુંભનાં જળથી મેં તો ચરણ જોડી પખાળી રે,
મસ્તક જેવું શ્રીફળ મૂકી ચરણ ઉપર વારીરે ... ઘરચોળું
હૈયાનાં હીચકે બેસાડી આરતી લઉ ઉતારી રે,
યમુના ને ગિરિધરને નીરખી તારા સુખમાં મહાલી રે .. ઘરચોળું
મનડું મોટું યમુના સદન છે સદા બિરાજો વહાલી રે,
યમુના ને ગિરધરની જોડી તારા જાય બલિહારી રે .. ઘરચોળું

શ્રીનાથજી અને યમુનાજીની જોડી

શ્રીનાથજીને યમુનાજીની, જોડી સુંદર શોભે રે,
યુગલ-સ્વરૂપનાં દરશન કરતાં, વૈષ્ણવનાં મન હરખ્યાં રે (૨)
ભાઈબીજ કેરો દિન વૈષ્ણવ, યમુનાપાન કરજો રે,
યમુનાપાન કરજો વૈષ્ણવ, યમુનાપાન કરજો રે;
યમુનાપાન કરજો વૈષ્ણવ, ચરણ-કમળમાં રહેજો રે
માથે મુકુટ કાને કુંડલ, ભાલે ટીલડી શોભે રે,
અણવટ કટીયા મેખલાને, બાંહે બાજુબંધ રે,
અણવટ વીછુવા ઘરિયા માજી, ઝાંઝરનો ઝમકાર રે,
ઝાંઝરનો ઝમકાર વાગે, ઝાંઝરનો ઝમકાર રે,
સોળે શણગાર સાજીઆ માજી, નાકે નિર્મળ મોતી રે,
દર્પણ લીધાં હાથ માજી, સુંદર-મુખડાં જોતાં રે,
સુંદર-મુખડાં જોતાં માજી, સુંદર મુખડાં જોતાં રે,
સેવાકુંજે-ગોખ માજી, બંસીવટના ચોક રે,
ચંદ્રસરોવર-તીરિ માજી, રાસ રમવા આવો ને,
રાસ રમવા આવો માજી, રાસ રમવા આવો ને,
નિલકમલની માળા માજી, સુંદર-હસ્તે શોભે રે,
શ્રીનાથજીને યમુનાજીની, જોડી સુંદર શોભે રે.

યમુના રૂપની વણજાર આવી નેણ ને બજાર
એનો રુદિયામાં રણકાર એનાં આંખે છે અણસાર
એના નયનમાં છે અંજન એનાં ગાલોમાં છે ખંજન
યમુના રૂપરૂપનો અંબાર મારા હૃદય તણો ગુલજાર
એનાં નાકે છે નકવેસર એના પટકા જાણે કેસર
યમુના શ્યામ તણો શણગાર મારા હૈયા કેરો હાર
એના કરમાં કંકણ રણકે એનાં પગમાં ઝાંઝર ઝણકે
યમુના સ્નેહ તણો ઝંકાર મારા મનનો ઝણકે તાર.
એનાં મુખમાં ગીતો ગુંજે એનો આનંદ ઉરની કુંજે
યમુના પ્રીત તણો સ્વીકાર મારા મનનો હરસે ભાર.
એનું મુખ છે પૂનમ જ્યોતિ એનું રૂપ છે નિર્મળ મોતી
યમુના ભક્તિ તણો દરબાર મુજ પર વરસે અનરાધાર.
યમુના તારાને સુખ આપે યમુના દિલનાં દુ:ખડા કાપે
યમુના સુંદરતાનો સાર મનડા યમુનાને સંભાર.

શ્રી મહારાણીજીનાં પાન

શ્રી મહારાણીજીનાં પાન કરને તું પ્રાણી રે. ટેક.

એ છે અધમ-ઉદ્ધારણ જાણી. મહારાણીજીનાં...૧

એમનું મહાત્મ છે પદ્મ પુરાણે રે, પૃથ્વી પર શ્રીવરાહજી વખાણે રે,

એ તો વ્રજવાસી સુખ માણે. મહારાણીજીનાં...૨

સુંદર મથુરાજી નિકટ બિરાજે રે, મંદમંદ મહાધ્વનિ ગાજે રે,

એમનાં દર્શનથી દુ:ખ ભાંગે. મહારાણીજીનાં...૩

વિશ્રામઘાટે તે આરતિ થાય રે, સામા પ્રભુજીના મુકુટ બિરાજે રે,

ચોબા-હાથીની ગર્જનાએ આવે. મહારાણીજી ... ૪

ત્યાં તો વૈષ્ણવની ભીડ ભરાયરે, ત્યાં તો આરતી-ધોળ ગવાય રે,

ત્યાં તો જય જય શબ્દ ઉચ્ચારાય રે. મહારાણીજી ... ૫

એમનાં સ્મરણથી સુખ થાયે રે, એમના દર્શનથી દુ:ખ જાય રે,

જેમ સિંહ દેખીને મૃગ નાસે રે, મહારાણીજી ... ૬

જે કોઈ પયપાન શ્રીયમુનાજીના કરશે રે, તેનો જમ-કિંકર ભય ટળશે રે,

કહે છે રસિક રાધાવરને વરશે. મહારાણીજી ... ૭

...૧

ાણે રે,

...૨

...૩

જ રે,

. ૪

રે,

. ૫

રે,

. ૬

ટળશે રે,

. ૭

સમય મારો સાધજે વ્હાલા કરૂં હું તો કાલાવાલા

અંત સમય મારો આવશે, જ્યારે નહિ રહે દેહનું ભાન...ભાન

એવે સમય મુખ તુલસી, દેજે દેજે જમુના પાન .... સમય

જીભલડી મારી પરવશ બનશે, ને હારી બેસું હુંહામ ... હામ

એવે સમય મારી વ્હારે ચડીને, રાખજે તારૂં નામ .... સમય

કંઠ રૂંધાશે ને નાડીયું તૂટશે, ને તૂટશે જીવન દોર .... દોર

એવે સમય મારા અલબેલાજી કરજે બંસરી શોર ... શોર

આંખલડી મારી પાવન કરજે, ને દેજે એક જ લ્હાણ... લ્હાણ

શ્યામ સુંદર તારી ઝાંખી કરીને મારાં નિકળે પ્રાણ ... પ્રાણ

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

- પ્રકાશક -

અમૃતલાલ રૂગનાથ કુરાણી

ઇતવારા 'યમુના સદન',

નિકાલસ મંદીર રોડ, નાગપુર

ઘાટકોપર ફોન નં. - ૫૧૧૨૪૯૯